# જરૂરિયાતની વિવિધ સવલતો સ્વયંભૂ ધરાવતું સેક્ટર-૫

સેક્ટર-૫ ૧ કિ.મી. x ૧ કિ.મી. વિસ્તારમાં આવેલું છે. જેમાં ચાર વિભાગમાં



એ, બી, સી, ડી માં વહેંચણી કરેલ છે. આ ચાર વિભાગમાં અંદાજે ૩૦૦૦ મકાનો આવેલા છે.



સેક્ટર-માં ધાર્મિક, શૈક્ષણિક સ્વયંભૂ સગવડો ઉપસ્થિત થયેલ છે. સેક્ટર-૫ એ માં પ્રેરણા વિદ્યાલય આવેલી છે. જેમાં માધ્યમિક શિક્ષણ આપવામાં આવે છે. જેની નજીક નિલકેશ્વર મહાદેવનું મંદિર વસાહતીઓએ ઊભુ કરેલ છે. આ ઉપરાંત શીવશક્તિનું પણ મંદિર આવેલું છે. નવરાત્રિમાં સેક્ટરના તમામ મંદિરો તથા કોમન પ્લોટોમાં નાની-મોટી નવરાત્રિની ઉજવણી ધામધૂમથી થાય છે. કોમીએક્તા અનુરૂપ એક મસ્જિદ પણ આવેલ છે.

નવા સેક્ટરોને પૂરતું દબાણથી ફોર્સ વાળું પાણી મળી રહે તે માટે એક વિશાળ અને પૂરતા પાણી મળી રહે તેવી ટાંકી બની રહેલ છે.

સેક્ટરમાં શિવણ કલાસ, બ્યુટી પાર્લર



બહેનો ચલાવી રહેલ છે. સૌરાષ્ટ્ર કાલરીયા રાજપુત સમાજની હાઈસ્કૂલ અને હોસ્ટેલ પણ આવેલી છે. નાનું શોપિંગ અને ખાનગી



પ્લોટમાં એમઆરએફ કંપનીનો શો-રૂમ પણ આવેલ છે. સેક્ટરમાં નાના ભુલકાઓ માટે બગીચાની સવલત પણ છે. આમ સેક્ટર-૫માં ખૂબ વિવિધતાઓને સગવડો છે.

# પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓ પહેલી મેએ સામૂહિક રજા પર જશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કર્મચારી / અધિકારી મંડળ તા. ૧લી મેના ગુજરાત સ્થાપના દિને માસ. સી.એલ. ઉપર ગુજરાતભરમાં હજારો કર્મચારીઓ જનાર છે. જેમની પડતર માંગણીઓ માટે છેલ્લા બે વર્ષથી સતત રજૂઆતો વ્યર્થ ગયેલ છે. છેલ્લે તા. ૨૨મી માર્ચ વિશ્વ જળ દિવસે મૌન સદ્ભાવના કાર્યક્રમ રાખેલ હતો. પરંતુ કોઈ ફળદાયી પરિણામ મળેલ નથી. પાણી પુરવઠા બોર્ડના સભ્ય સચિવ સાથે મીટીંગ રાખેલ તે પણ અનિર્ણાયક રહેલ છે.

કર્મચારી મંડળની મુખ્ય માંગણીઓ જેવી કે રોજમદાર કર્મચારીઓને ૫૦ ટકા મોંઘવારી ભથ્થું તેમ જે છઠ્ઠું પગાર પંચનો અમલ કરવો, રોજમદાર કર્મચારીઓને મૃત્યુ સહાયનો લાભ, ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર તથા બીજી ૧૦ જેટલી માંગણીઓની રજૂઆત કરેલ છે. કર્મચારી - અધિકારી મંડળ પ્રમુખશ્રી પ્રવિણ સુતરીયા, શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી કેતન ચૌધરી, શ્રી સહદેવસિંહ જાડેજા, શ્રી દિલીપસિંહ જેઠવાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

# સેક્ટર-૬ના શાકમાર્કેટનો વિકાસ કરવા વસાહતીઓની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સેક્ટર-૬માં આવેલા શાકમાર્કેટના ઓટલા સરકારે ૧૯૯૩માં જાહેર હરાજીથી વેચાણ કર્યા હતા અને તે વખતના કલેક્ટરે સેક્ટર-૬માં શાકમાર્કેટમાં આવીને તેનું ઉદ્ઘાટન કરાવ્યું હતું. પરંતુ આજની સ્થિતિમાં આ શાકમાર્કેટનો કોઈ વિકાસ થયો નથી. કોઈ અધિકારી આ સંદર્ભે યોગ્ય કામગીરી હાથ ધરતો નથી જેને પરિણામે લાખો રૂપિયા ખર્ચીને ઓટલા ખરીદનારા માલિકો અસમંજસની સ્થિતિ અનુભવી રહ્યા છે.

સેક્ટર-૭માં આવેલા બિન અધિકૃત લારી ગલ્લાઓના કારણે સેક્ટર-૬ શાકમાર્કેટ અત્યાર સુધી ચાલતુ નથી. સેક્ટર-૭માં આવેલા લારી-ગલ્લાઓ કાયદેસર નથી. બિન અધિકૃત છે. સેક્ટર-૬ના ઓટલા માલિકોએ સરકાર સમક્ષ સેક્ટર-૬ના માર્કેટને ચાલુ કરવા રજૂઆતો કરી છે. મંત્રીઓ તથા સચિવોની મુલાકાત લીધી છે પણ કોઈ અધિકારી સેક્ટર-૬ની માર્કેટ ચાલુ કરવા માટે રસ દાખવતા નથી.

સેક્ટર-૭નું શાકમાર્કેટ સેક્ટર-૬ના મેદાનમાં સેક્ટર-૬ની શાકમાર્કેટની બાજુના મેદાનમાં ખસેડવામાં આવે તો સેક્ટર-૬ની શાકમાર્કેટ ચાલે અને સેક્ટર-૭ની ટ્રાફિકનો પ્રશ્ન અને ઘણા બધા પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. સેક્ટર-૭માં હાલ જે શાકમાર્કેટ માટે લારી-ગલ્લા ઉભા રહે છે તે બિલકુલ સેક્ટર-૭ની ઈન્કવાયરી પાછળ જ ઊભા રહે છે. ગાંધીનગરમાં ગમે ત્યાં લારી-ગલ્લા મુકવામાં આવે તો દબાણ ખાતાવાળા લારી-ગલ્લા ઉપાડીને લઈ જાય છે. જે શાકમાર્કેટ લાખો-કરોડો રૂપિયા ખર્ચીને બનાવેલ છે અને જાહેર હરાજીથી ઓટલા સરકાર પાસેથી વેચાણ ખાતે લેવામાં આવ્યા છે તે સેક્ટર-૬નું શાકમાર્કેટ ચાલતુ નથી અને બિન અધિકૃત શાકમાર્કેટ સેક્ટર-૭નું ધમધોકાર ચાલે છે. તો આમાં કોઈ ઉચ્ચ અધિકારીઓનો હાથ હોય તેમ લાગે છે.

સેક્ટર-૭માં હાલ જે શાકમાર્કેટ ચાલુ છે તે બિન કાયદેસર છે. સાંજે આ શાકમાર્કેટમાં એટલો બધો ટ્રાફિક જામ થઈ જાય છે કે ત્યાંથી નિકળવું પણ ભારે થઈ પડે છે. આ અંગે સેક્ટર-૭ના વસાહત મંડળને પણ આ શાકમાર્કેટ સેક્ટર-૭ની તે કાયદેસર સેક્ટર-૬માં ખસેડવા માટે ભલામણ કરી છે.

# કૃષિ મહોત્સવ-૨૦૧૨ના ગાંધીનગર જિલ્લાના આયોજન અંગે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

સમગ્ર રાજયમાં આઠમો કૃષિ મહોત્સવ-૨૦૧૨ તા.૬ મે-૨૦૧૨ થી શરૂ થશે. ૩૦ દિવસ સુધી સમગ્ર જિલ્લામાં યોજાનારા કૃષિ મહોત્સવના સુચારું આયોજન માટે જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી એમ. એ. ગાંધીની ઉપસથિતિમાં ૧૮/



૦૪/૧૧ના રોજ જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે મળી હતી.

આ બેઠકમાં જિલ્લાના ચાર તાલુકાના અલગ અલગ તાલુકા થીમની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. કૃષિ મહોત્સવની સાથે સાથે સરકારી સહાય યોજનાઓ, એટીવીટી,જનસેવા કેન્દ્રોની સમજ આપવાનું એક આયોજન કરવામાં આવ્યું છે. મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ માટે માહિતી-માર્ગદર્શન આપતી પેનલ પણ કૃષિરથની સાથે સામેલ કરવામાં આવશે. સવારથી શરૂ થતાં કૃષિ મહોત્સવને વધુ રસ-દ બનાવવા માટે રાતના સમયે સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતા અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે.

જેમાં જિલ્લાની તાલુકા પંચાયત સદસ્યની બેઠક મુજબ કલ્સ્ટરવાઈઝ બેઠકના ગામમાંથી કોઈ પણ એક ગામ પસંદ કરીને ત્યાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવશે. કૃષિ મહોત્સવ અંતર્ગત સવારના ૮.૩૦ કલાકથી રાત્રિના ૯.૦૦ કલાક સુધી યોજાનારા કાર્યક્રમની સમયવાર વિગતો આપી હતી. જેમાં સવારના પશુ આરોગ્ય-રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

જયારે દહેગામ તાલુકામાં જળ સંરક્ષણ અને જળ સંચય, સુક્ષ્મ પિયત પધ્ધતીને ઉત્તેજન, બટાટા-પપૈયા-તડબુચ-શાકભાજીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી, કપાસ,દિવેલા, ઘઉં પાકની ઉત્પાદકતા વધારવાનો રહેશે. કલોલ તાલુકામાં જમીન સંરક્ષણ અને સુધારણા, ડાંગર, દિવેલા, કપાસ, ઘઉં પાકની ઉત્પાદકતા વધારવી અને બાગાયત પાકોની ઉત્પાદક વધારવી અને ગાંધીનગર તાલુકામાં હાઈટેક એગ્રીકલ્ચર/ હોર્ટીકલ્ચર, ખેતીની જમીન બચાવો-બિન ખેતી અટકાવો, કપાસ-દિવેલા પાકોની ઉત્પાદકતા વધારવી જેવા થીમ નક્કી કરવામાં આવ્યા છે.

દરેક તાલુકાની કૃષિરથ-થીમની પેનલ તૈયાર કરી દેવામાં આવી છે. કૃષિ મહોત્સવના સઘન આયોજન માટે કૃષિ મહોત્સવ-૨૦૧૨ના આરંભ પહેલા તાલુકા અને ગ્રામ્ય કક્ષાની સમિતિની બેઠક મળશે. તેમજ ચારેય તાલુકામાં કંટ્રોલ રૂમ સવારે ૮.૦૦ થી રાત્રિના ૯.૦૦ કલાક સુધી શરૂ કરવામાં આવશે.

કૃષિ રથના દિવસે સોઈલ ન્યુટ્રીયન્ટ અને માઈક્રો ન્યુટ્રીયન્ટની દરેક ગામમાં ચર્ચા, મુખ્ય પાક લીધા પછી જે વેસ્ટ ખેતરોમાં બચે છે તેનો બાયોમાસ તરીકે ફરીથી ઉપયોગ કરવાની પધ્ધતિની સમજ, અને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવશે. તે ઉપરાંત કૃષિ મહોત્સવમાં નાના અને સીમાંત ખેડૂતોને બાગાયત ખેતી તરફ વાળી અને નેટ હાઉસ તથા ગ્રીન હાઉસની તાલીમ આપવાનું અને પશુ ઘાસચારાની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ડેરી સાથે સંલગ્ન કરી જરૂરિયાતને પહોંચી વળવાનું આયોજન કરવામાં આવનાર છે.

# ગાંધીનગરમાં ગંદકીના ઢગલા ખસેડવા તંત્ર જાગૃત બનશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં સવારે, સાંજે-રાત્રે સફાઈ કરવા માટેના આયોજનોના વિચારો તંત્ર વાહકો એસી કચેરીમાં કરી રહ્યા છે. પરંતુ એક તસુ પણ સફાઈ કામગીરીમાં કામ થતું નથી.

ચ-૩ થી ઘ-૩ તરફ એસટી તરફ જવાના રસ્તાની બાજુમાં અનેક જગ્યાએ સુકા કચરાના ઢગલાઓ પડેલ છે. વસાહતીઓની જાણકારી પ્રમાણે છેલ્લા ૧ વર્ષથી ટ્રેકટરમાં કચરો ભરી જવા માટે આવેલ નથી. આમ, કચરાના ઢગલા ખડકાતા જાય છે. વિશેષમાં સવારે સફાઈ કામદારોની ટુકડીઓ રસ્તા સાફ કરે છે. તે કચરાના ઢગ પણ વન ખાતાની આ જગ્યામાં કરે છે. સફાઈ કામદારો એકઠો કચરો કચરામાં ઢગલા પણ તેઓ સાફ કરાવતા નથી, પરંતુ ફુટપાથની અંદરની બાજુમાં નાખે છે.

આ વિસ્તારમાં નિવૃત અધિકારીઓ વસે છે. જેથી તેઓએ પોતાના સ્વ-ખર્ચે સાફ કરાવવા પ્રયત્ન કરેલ છે. ત્યારે મનપાના પદાધિકારીઓ આ રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે કરાવવાના બદલે સુફીયાણી વાતો કરીને પસાર થઈ ગયા હતા. પણ તેઓ આ ઢગલા ઉચકાવવામાં કોઈ કાર્યવાહી કરી હોય તેમ જણાઈ નથી. ચોમાસા પહેલાં આ વિસ્તારનો કચરો ટ્રેકટરો મારફતે ખસેડવાય તેમ લોકોની રજૂઆત છે.

## શામજી-ટ્રોફીમાં વેલિયન્ટ ક્રિકેટ ટીમના કપ્તાનપદે વિપુલ નારીગરા સંભાળશે

ગાંધીનગર, તા. ૧૯

વેલિયન્ટ ક્રિકેટ એસોસીએશન ગાંધીનગર દ્વારા અક્ષયપાત્ર તરફથી વેલિયન્ટ ક્રિકેટ એસોસીએશનના ક્રિકેટરોનો એવોર્ડ યોજાયો હતો. જેમાં વિપુલ નારીગરાને તેની બેસ્ટ કેપ્ટનશીપ માટે બેસ્ટ ઓફ વેલિયન એવોર્ડથી સન્માનિત કરાતા હતા. વિપુલ નારીગરાને વેલિયન્ટ ક્રિકેટ એસોસીએશનની 'શામજી-ટ્રોફી' માટે કેપ્ટન તરીકે પસંદ કરાયા છે. જેઓ ૨૦મી એપ્રિલના રોજ વીસીએ - બરોડા ક્રિકેટ ટીમ સામે રમનાર છે.



# ગાંધીનગરમાં ઉનાળાના આરંભે જ પાણીનો કકળાટ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં સૂર્યનારાયણ પોતાનું રૌદ્ર સ્વરૂપ દ્વારા અગ્નિવર્ષા વરસાવાનું શરૂઆત હજુ કરી રહ્યા છે. તે પહેલાં પાણી પુરવઠાના તંત્રવાહકોએ પાણીના પુરવઠા માટે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી દીધું છે. છેલ્લા કેટલાંક દિવસથી નવા સેકટરોમાં સવિશેષ સેકટર-૭માં પાણીનો પુરવઠો ધીમો પડી ગયા છે. તથા નિયત સમય કરતાં વહેલો બંધ થવા પામે છે. સેકટર-૭ માં સવારે આઠ વાગતાં જ પાણી બંધ થઈ ગયું હતું. જેથી ગૃહિણીઓને સવારનો તમામ ગૃહકામમાં કામો ખોરવાયા હતા.

અમદાવાદ શહેરમાં બે વખત પાણી આપવાની શરૂઆત કરી છે. ત્યારે ગાંધીનગરમાં પાણીમાં કાપ મુકાયો હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. પાણી પુરવઠાના ઈજનેરશ્રીએ યોગ્ય સંકલન ગોઠવીને પુરતા ફોર્સથી પુરતો સમય પાણી ઉનાળાની ઋતુમાં આપે તેવો પ્રયત્ન કરવા જોઈએ તેવી પ્રબળ માંગણી ગૃહિણીઓની છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭

સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૯.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ : ૨.૩૦

વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

હેટ સ્ટોરી : ૫.૩૦

**સ્ક્રીન-૩ :** બેટલશીપ (હિન્દી) : ૧૧.૦૦, ૭.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧.૧૫, ૪.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** વીકી ડોનર : ૩.૦૦, ૫.૩૦

હેટ સ્ટોરી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૪૫, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** હેટ સ્ટોરી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫,૯.૪૫

**સ્ક્રીન-૪ :** વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

હેટ સ્ટોરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીતના સૌગંધ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂર્ણ થઈ શકે છે. કુટુંબીજનોનો સાથ સહકાર મળી રહે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન કરી શકે છે.

**વૃષભ :** સામાજિક સન્માન પ્રાપ્ત થઈ શકે છે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ મેળવી શકાશે. વેપારમાં લાભ.

**મિથુન :** જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે વિશેષ સમયનો બગાડ ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

**કર્ક :** તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સ્થાયી સંપતિ મળી શકે છે. સ્નેહી-મિત્રોને મુલાકાત થઈ શકે છે.

**સિંહ :** વિશેષ નાણાંકીય વિચાર-વિમર્શ કરીને કોઈ નિર્ણય લેવો. આર્થિક ક્ષેત્રે લાભદાયી કાર્યો થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોડ થઈ શકે છે.

**કન્યા :** લેવડ-દેવડના કાર્યો સંભાળીને કરવા. સંતાન સંબંધિ પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય. વેપાર ક્ષેત્રે વડીલોનું માર્ગદર્શન ઉપયોગી સાબિત થઈ શકે છે.

**તુલા :** ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક :** વિવાદોથી દૂર રહેવું. સંતાન સંબંધી બાબતોમાં સમય ફાળવી શકો. ભૌતિક સુખ-સુવિધામાં વધારો થઈ શકે છે. દિવસ શાંતિથી પસાર થાય.

**ધન :** નવા કાર્યોમાં ભાગદોડ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યો તરફ તમે પ્રેરાશો. વેપાર ક્ષેત્રમાં ભાગીદારોથી લાભ મળી શકે છે.

**મકર :** ધાર્મિક અને માંગલિક કાર્યોમાં તમે ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થઈ શકે છે. વિદ્યાર્થીઓનું મન ભણવામાં લાગશે. કૌટુંબિક મતભેદા દુર થઈ શકે છે.

**કુંભ :** વ્યાપારમાં પ્રગતિ જણાય. સાહસનો લાભ મળી શકે છે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ મળી શકે છે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**મીન :** વિશેષ લેવડ-દેવડથી બચવું. ધાર્મિક કાર્યોમાં રુચિ, વૃદ્ધિ થઈ શકે છે. વેપાર ક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. કૌટુંબિક વિખવાદનો અંત આવતો જણાય.

## ચિરવિદાય

- સ્વ. જશવંતભાઈ કાનજીભાઈ પટેલ (ઉ.વ. ૬૧) પ્લોટ નં. ૯૧૧/૨, સેક્ટર-૪/ડી, ગાંધીનગર.
- સ્વ. ઉપેન્દ્રકુમાર સાંકાભાઈ પટેલ (ઉ.વ. ૩૨) પ્લોટ નં. ૬૬૩/૨, પંચવટી પાર્ક, સેક્ટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. મંગાજી કૃપાજી પરમાર (ઉ.વ. ૩૦) મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. કાશીબેન નેનાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૮૫) મુ.પો. ગીયોડા, તા.,જિ. ગાંધીનગર.

# બંને મિત્રોની કોર્ટ ભલે છૂટી ગઇ પણ મિત્રતા છૂટે એમ નથી

સંબંધ સજાવે જિંદગી

## ભાઈ જેવો ભાઈબંધ

- જય ઓઝા

gsrelation@yahoo.com

૧૯૭૮માં સૌ પ્રથમ ગાંધીનગરમાં કોર્ટની સ્થાપના થતા પી.પી. બિહોલા અને મનુભાઈ પટેલે સેકટર-૩૦ની કોર્ટમાં સાથે વકીલાત શરૂ કરી અને ત્યારથી મૈત્રીના બીજાંકુર ફુટવા શરૂ થયા.

બંને વકીલાતના સ્પર્ધાત્મક વ્યવસાયમાં હોવા છતાં ૩૫ વર્ષથી અતૂટ પણે મિત્રતાનો સિલસિલો ચાલ્યો આવે છે. સમય જતાં મિત્રતાના સંબંધો વધુને વધુ ગાઢ થયા. સારા- માઠા પ્રસંગોમાં એકબીજાને હૂંફ સધિયારો પૂરો પાડતા રહ્યા છે.

૧૯૭૮થી કોર્ટની રીસેસના સમયે ૨ થી ૩ ના ગાળામાં બંને મિત્રો ભેગા મળી બિહોલા સાહેબના સેકટર-૨૧ના ઘરે ભેગા થતા અને ચા-પાણી નાસ્તો કરતા. આ સિલસિલો ૩૫ વર્ષથી આજદિન સુધી અવિરત પણે ચાલ્યો આવ્યો છે. ભલે બંને મિત્રોની કોર્ટ હવે છૂટી ગઈ છે. પરંતુ મિત્રતા એમ કાંઈ છૂટે તેમ નથી.

છેલ્લા ૨૫ વર્ષથી બંને મિત્રોએ શ્રાવણ માસમાં ધોળેશ્વર મહાદેવ મંદિરે એક સાથે શિવ આરાધના કરતા રહેવાનો નિયમ બનાવી લીધો છે.

બંને મિત્રો વચ્ચે યોગાનું યોગ એ સામ્ય છે કે બંને છ-છ ભાઈ બહેનો છે. બંને તેમા બીજા નંબરના દિકરા છે.

બંને મિત્રો સાથે સાથે બંને મિત્રોનો આખો પરિવાર પણ તેમની આ મિત્રાચારીમાં સહભાગી રહ્યા છે.

એટલું જ નહીં પરંતુ વેવાઈ પક્ષે ભાઈઓની સાથે જ એકબીજાની ગણતરી કરીને વ્યવહાર નિભાવ્યા છે.

બંને મિત્રો અનુક્રમે સેકટર-૨૧ માંથી સેકટર-૭ અને સેકટર-૨૭ માંથી સેકટર-૨માં રહેવા આવી ગયા છે. પરંતુ મિત્રો વચ્ચે ક્યારેય સ્થળાંતર ક્યારેય અંતરાય રૂપ નથી બન્યું.



અત્યારે તો બંને મિત્રો દાદા બની ગયા છે. દિકરા- દિકરીઓના ઘરે પણ સંતાનોએ જન્મ લીધો છે. સંતાનો સારી જગ્યાએ સેટલ થઈ ગયા છે અને બંને પરિવારની બીજી પેઢી પણ એકબીજાને ભાઈ ભાંડું સમજીને જ સંપીને રહે છે.

એક પણ મિત્રના મનમાં ક્યારેય વ્યાવસાયિક ઈર્ષ્યા - કે દ્વેષભાવ કે હરિફાઈનું તત્વ રહ્યું નથી. નવી પેઢી માટે દૃષ્ટાંતરૂપ તેવું બંનેનું વ્યક્તિત્વ છે.

કહે છે ને કે મિત્ર એવો શોધવો જે સુખમાં પાછળ હોય અને દુ:ખમાં આગળ હોય. આ વાતને સાર્થક કરતા, બિહોલા સાહેબે મનુભાઈના પિતાના અવસાન સમયે તેમને મોટાભાઈની હૂંફ પૂરી પાડી સાંત્વના આપી હતી.

મનુભાઈના ધર્મ પત્ની લક્ષ્મીબહેન તથા બિહોલા સાહેબના ધર્મપત્ની તેજુબા પણ સગી બહેનો કરતા અધિક લાગણી એકબીજા માટે ધરાવે છે.

એક દરબાર અને બીજા પટેલ હોવા છતાં, દેહ અલગ પણ મનથી એકબીજામાં વણાઈ ગયા છે.

બંને પરિવાર આજ સુધી જ્યાં પણ જાત્રા કરવા કે ટુરમાં ગયા છે, ત્યાં સાથે જ ગયા છે. ખરેખર વર્ષો જૂની મિત્રતા આ જીવન લોકો માટે પ્રેરણારૂપ બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

# ગાંધીનગરની ગજાનન સેવા સમિતિએ વાંટડા ગામની પાણીની સમસ્યા નિવારી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં સેવાના કામો કરે છે. મોડાસા તાલુકાના વાંટડા ગામમાં ઘણાં સમયથી ત્યાના લોકોને પીવાના પાણીની સમસ્યા હતી. તેની જાણ શ્રી ગજાનન સેવા સમિતિને કરી હતી. સંસ્થા દ્વારા ૧.૫ હોર્સ પાવરની મોટર, પમ્પ, સ્ટાટર્સ, પાઈપ અને કેબલ સાથે સંસ્થાના મિલિંદ ગુપ્તે, વિલેશ મોરે તથા જબરૂસિંહ વાઘેલા ગામમાં ગયાં હતા.

ગ્રામ પંચાયતના કાળુભાઈ શાળાના શિક્ષકો, તથા મોટી સંસ્થામાં ગ્રામજનોની હાજરીમાં વસ્તુઓ અર્પણ કરી હતી. જૂનો બોર ઘણા સમયથી મોટર વગર બંધ હતો. તે ફરીથી કાર્યરત થઈ ગયો છે. પંચાયતે જવાબદારી સ્વીકારતા સંસ્થાએ સમગ્ર ખર્ચ કરેલ. જબરૂસિંહ વાઘેલા તરફથી પાઈપ અને કેબલનો ખર્ચ આપ્યો હતો. આ સંસ્થા વાંટડા ગામમાં છેલ્લા ૧૧ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિમાં કાર્યરત છે.